જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૧/૨૦૧૭ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૩૭૨/૧૭**

**દાણીલીમડા પોલીસ સ્ટેશન :**

## ચેઈન સ્નેચીંગનો મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા અધિક નાયબ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા ચેઈન સ્નેચીંગના ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઈન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.આર.જી.ખાંટ તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.ગોપાલભાઈ દેવાભાઈ તથા પો.કો.જગદિશભાઈ ભવાનભાઈનાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે **આસીફખાન સ/ઓ મોહમદનજમુગનીખાન ઉર્ફે નવાબખાન વકીલખાન પઠાણ ઉ.વ.૩૬ રહે : બી/૬૬ જુનો તલાટી ચોરો જમાલપુર દરવાજાની સામે જમાલપુર અમદાવાદ શહેર**નાઓને તેના કબજાની નંબર વગરની હિરો પેશન પ્રો. મો.સા.કિ,રુ, ૫૫,૦૦૦/ તથા એક સોનાનો તુલસીના મણકાવાળો દોરો નંગ-૧ આશરે એક તોલા વજનનો કિમત રુ,૨૫,૦૦૦/ ની સાથે સી.આર.પી.સી. કલમ-૪૧(૧) ડી મુજબ પકડી લઈ સદરીની પુછપરછ કરતા સદર સોનાનો તુલસીના મણકાવાળો દોરો ગઈકાલ બપોરના સમયે શાહઆલમ ટોલનાકા નજીક આવેલ કાંકરિયા રોડ મનન ઓટો ગેરેજ નામના શો રુમની પાસે હનુમાન મંદિરની આગળની એક બહેનના ગળામાંથી તોડી લીધેલ હોવાની કબુલાત કરતા સદર સોનાનો તુલસીના મણકાવાળો દોરો કિ,રુ,૨૫,૦૦૦/ તથા હિરો પેશન પ્રો.મો.સા.કિ,રુ,૫૫,૦૦૦/ મળી કુલ્લે કિ,રુ,૮૦,૦૦૦/ નો મુદામાલ કબજે કરી **કાગડાપીઠ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૮૬/૧૭ ઈપીકો કલમ-૩૯૨ મુજબ**નો ચેઈન સ્નેચીંગના એક મિલ્કત સંબંધી ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.



**<u>સાબરમતી પોલીસ સ્ટેશન :</u>**

સાબરમતી વિસ્તારમાં એક મકાનમાંથી સોના ચાદીંના દાગીના તથા અન્ય કિંમતી ચીજ વસ્તુ મળી કુલ્લે કિંમત્ત રૂપિયા 82,600/-ની મત્તાની ચોરીનો ભેદ ઉકેલી એક આરોપીની ધરપકડ કરતી **સાબરમતી પોલીસ**

મેં પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સ્પેશ્યલ પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર -1 સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેરનાઓ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેરનાઓ તરફથી મિલકત સંબંધી બનેલ ગુનાઓ શોધવા તથા બનતા અટકાવવા સારૂ મળેલ સુચના આધારે અમો ડી.વી રાણા પોલીસ ઇન્સપેક્ટર નાઓના માર્ગદર્શન હેઠળ સાબરમતી પો.સ્ટે ફસ્ટ ગુના રજી નં-125/2017 ઇપીકો કલમ 380 મુજબના ગુનાના કામના ફરીયાદી શ્રીનાઓની ફરીયાદના કામે તા-14/01/2017ના રોજથી તા-22/11/2017ના કલાક 10/00 વાગ્યા સુધીમાં ફરીયાદીબેનના મમ્મીના મકાન નં 985/5 પ્રતાપ બિલ્ડીંગ શાકમાર્કેટ રામનગર સાબરમતી અમદાવાદ શહેર ખાતેથી અનાજ ભરવાના પીપમાંથી સોના ચાદીના દાગીના તથા અન્ય કિંમતી ચીજવસ્તુ મળી કુલ્લે કિંમત્ત રૂપિયા 82,600/-ની મત્તાની ચોરી થયેલ હોઇ જે ગુનાની તપાસ દરમ્યાન એ.એસ.આઇ સુરસિંહ ઉદાજી બ.નં 8671 તથા પો.કો શીવાભાઇ મનાભાઇ બ.નં 5495 નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે પો.સબ.ઇન્સશ્રી બી.પી મેઘલાતર તથા સાથેના સ્ટાફના માણસો સાથે રહી આ કામે આરોપી જગદીશ ઉર્ફે જગો સ/ઓ શંકરલાલ મોદીનાઓને ઝડપી લઇ તપાસ દરમ્યાન આ ગુનાનો તમામ મુદ્દામાલ રીકવર કરી ગુનો ડીટેક્ટ કરવામાં આવેલ છે અને હાલ તપાસ ચાલુ છે તા-25/11/2017

**<u>ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :</u>**

ઘાટલૉડીયા પો.સ્ટે. ફ.ગુરનં.૭૭/૧૬ ઇ.પી.કો .કલમ-૩૨૪,૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ-૧૩૫(૧) તથા ઘાટલૉડીયા પો.સ્ટે. ફ.ગુરનં.૯૪/૧૭ ઇ.પી.કો .કલમ-૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ-૧૩૫(૧) મુજબ ના કામના આરોપી વિજયભાઇ સ/ઓ બાબુભાઇ સોમાભાઇ દંતાણી ઉ.વ-૪૦ રહે-ડી/૫૬ સંજયનગર ગેટ નં-૧ અમર એપાર્ટમેન્ટની સામે નારણપુરા અમદાવાદ શહેર નાઓની વિરૂધ્ધમા પાસા દરખાસ્ત ભરી મોકલી આપેલ જે આધારે આરોપી વિજયભાઇ સ/ઓ બાબુભાઇ સોમાભાઇ દંતાણી નાઓ વિરૂધ્ધ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના હુકમ ક્માંક/પીસીબી/ડીટીએન/પાસા/૮૯૦/૨૦૧૭ તા.૨૩/૧૧/૨૦૧૭ થી પાસા હુકમ કરતા આરોપી વિજયભાઇને આજરોજ તા.૨૫/૧૧/૨૦૧૭ ના રોજ પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતમા કેદ રહેવા સારૂ મધ્યસ્થ જેલ જામનગર ખાતે મોકલી આપેલ છે

**<u>રખિયાલ પોલીસ સ્ટેશન :</u>**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સે-૨ સાહેબની સુચના મુજબ મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પો.કમિ.શ્રી."એચ" ડિવીઝન નાઓ તરફથી મળેલ સુચના આધારે સિનીયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી સી.આર.રાણા સાહેબના માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૨૫/૧૧/૧૭ ના રોજ અમો પો.સ.ઇ બી.પી.ભેટારીયા તથા સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરતા ફરતા કલાક-૧૪/30 વાગ્યે રખિયાલ ડાયનાશોર સર્કલ ખાતે આવતા અ.પો.કો રાજુભાઇ અનવરભાઇ બનં-૮૫33 તથા અ.પોકો યોગેશકુમાર ભીખાભાઇ બનં-૫૯૬૨ નાઓને મળેલ સંયુકત બાતમી હકિકત આધારે રખિયાલ પો.સ્ટે. ફસ્ટ.ગુ.ર.નં- ૯૧/૧૭ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે આરોપણ બાઇ નામે નં-(૧) સોનલબેન ડો/ઓ બજરંગભાઇ પારાકીમભાઇ જાતે-ગાયકવાડ ઉ.વ.૨૦ ધંધો-ફુલની લારી રહે-કેકાડી વાસ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ-સોલાપુર (મહારાષ્ટ્ર) તથા નં-(૨) કાજલ ઉર્ફે કાલી વા/ઓ ઇશ્વરભાઇ બજરંગભાઇ જાતે- ગાયકવાડ ઉવ-૨૨ ધંધો-શાકભાજીનો વેપાર રહે-કેકાડી વાસ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર મુળ ગામ-આનંદનગર માંગેશ્વર મંદીર ઝુપડપટ્ટી ઉલ્લાસનગર (મંબઈ) નં-(૩) રાજેશ્વરી ઉર્ફે બડી ડો/ઓ રાજુભાઇ રામચંન્દ્ર જાતે-જાદવ ઉ.વ.૨૫ ધંધો-મજુરીકામ રહે-કેકાડી વાસ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર મુળ વતન-કર્ણાટક નં-(૪) મનિષાબેન ઉર્ફે મન્નો વા/ઓ મનીષભાઇ બાબુભાઇ જાતે-ઓરા ઉવ-૨૫ ધંધો-મજુરી રહે-કેકાડી વાસ કુબેરનગર અમદાવાદ શહેરનાઓની પાસેથી આ કામે ચોરીમાં ગયેલ મુદ્દામાલ રોક્કડ નાણા રૂ -૧૩,૦૦૦/- તેમજ આ કામના ફરીયાદી શ્રીનો AMTS નો બસ પાસ તપાસ અર્થે કબજે કરેલ છે અને સદરી આરોપણ બાઇઓને કલાક ૧૫/30 વાગે પકડી અટક કરેલ છે. અને બીજા કોઇ ગુનાઓ કરેલ છે કે કેમ? તેની તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.